# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

**Re-Accredited Grade A by NAAC**

પરિપત્ર :–

આથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓને અને ભવનનાં અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે સને ૨૦૧૬–૧૭નાં વર્ષની યુજીસીની પબ્લિકેશન ગ્રાન્ટનાં વપરાશ અંગે યુ.જી.સી.ની ભલામણ અન્વયે દરેક ફેકલ્ટીમાં અધ્યાપકો દ્વારા થયેલ Doctoral thesis, High Quality research Paper,Lecture delivered such a National Lectures of UGC or lectures instituted in the name of leading personalities,Scholarly contributions of the faculty (not text-book),Seminar or conference Papers વિદ્યાર્થીઓને તથા સમાજને સુલભ બની રહે એવા પુસ્તકોનાં પ્રકાશનો માટે ગ્રાન્ટની રકમનો ઉપયોગ કરવાનો રહે છે.આ પુસ્તકો કેવળ ગાઈડ સ્વરૂપનાં ન થઈ જાય પરંતુ ઉચ્ચ સ્તરનાં બની રહે તે જરૂરી છે.પુસ્તક ડેમી (૧/૮) સાઇઝમાં તૈયાર કરવાનું રહેશે અને તેમાં ઓછામાં ઓછી પૃષ્ટ સંખ્યા ૧૦૦ અને મહતમ ૧૫૦ ની રહે તે આવશ્યક છે. શૈક્ષણિક પ્રદાન અને સંશોધનલક્ષી ઉચ્ચ સ્તરનાં પુસ્તકો માટેની હસ્તપ્રત,તેની સોફ્ટ કોપી તેમજ આ સાથે સામેલ પ્રફોર્માંમાંની વિગતો સંપુર્ણ રીતે ભરી પ્રકાશન વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટને તા.૧૨–૦૮–૧૬ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.નિયત સમય મર્યાદા બાદ કોઈપણ સંજોગોમાં અરજી સ્વીકારવામાં આવશે નહી.અરજીઓ આવ્યા બાદ ફાળવણીની રકમનો નિર્ણય લેવામાં આવશે.

વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન જે અધ્યાપકોને ગ્રાન્ટ આપવામાં આવેલ હોય તેઓએ આ વર્ષે અરજી કરવાની રહેશે નહી.જે અધ્યાપકોએ ૨૦૧૫–૧૬નાં વર્ષ દરમ્યાન ગ્રાન્ટનો અસ્વીકાર કરેલ છે તેમણે પણ આ વર્ષે અરજી કરવાની રહેશે નહિ.

કોલેજોનાં અધ્યાપકો કે જેમણે પી.જી. શિક્ષક તરીકેની માન્યતા તેમજ પી.એચ.ડી.ની પદવી એમ બન્ને મેળવેલ હોય તેઓ જ અરજી કરવાપાત્ર ગણાશે.

આ પરિપત્રને ટોચ અગ્રતા આપવી તથા તે પ્રમાણે ભવન/કોલેજોનાં અધ્યાપકોને જાણ કરવા તથા ભવન/કોલેજનાં **નોટીસ બોર્ડ** પર મુકવા જણાવવામાં આવે છે.

**કુલસચિવ**

નં.પ્રકાશન/25/૨૦૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ
તા.16–05–૨૦૧૬

પ્રતિ,
૧. સૌ.યુનિવર્સિટીનાં દરેક ભવનનાં વડાશ્રીઓ
૨. સૌ.યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ

**નકલ સાદર રવાના ::–**

૧. કુલપતિશ્રી / કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી,
૨. કમિટીનાં સભ્યશ્રીઓ
૩. ઓડિટ / હિસાબ વિભાગ